# હેન્ડપંપ બગડ્યો નથી બસ જળ ખૂટ્યા

આપણી આસપાસ
★ મિત્તલ પટેલ



ચોમાસામાં સાબરકાંઠા, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ જેવા પૂર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારોમાં આવેલા ડુંગરો પર ઊભા રહીએ તો કુદરતે અહીં પાણીનો અખૂટ ભંડાર આપી દીધો હોય એવું જણાય. વરસાદના દિવસોમાં નાળા છલકાતા ભળાય, નદીઓ ખળખળ વહેતી દેખાય, ઝરણાં જાણે કુદરતનું મધુર સંગીત રેલાવતા હોય. આખું જંગલ જાણે લીલી ચાદર ઓઢીને સોળે કળાએ ખીલી ઊઠ્યું હોય એવું નયનરમ્ય દૃશ્ય સર્જાય. પરંતુ કુદરતનું આ સૌંદર્ય થોડા જ મહિનાઓમાં બદલાવા લાગે. આ વિસ્તારમાં જાન્યુઆરી મહિનો શરૂ થાય કે ધીમે ધીમે ચિત્ર બદલાવા માંડે. જે નાળા ચોમાસામાં છલકાતા હોય તે સૂકાવા લાગે, જે નદીઓ ખળખળ વહેતી હતી તેના પટમાં પાણી શોધવું પડે. ચોમાસા કરતાં ઉનાળાની સવાર જ જુદી હોય. સવારે સૂર્ય ઊગે એટલે માથે બેડાં લઈને ચાલતી અનેક મહિલાઓ અને તેમની સાથે તેમના બાળકો પણ નાની માટલી અથવા હાથમાં ખાલી તેલના પાંચ લીટરના કેન લઈને ચાલતા જોવા મળે. આ જ રીતે ખેતી માટે પાણી ન હોવાથી મજૂરીની શોધમાં શહેરો તરફ સામાન સમેટીને નીકળતાં પરિવારો પણ દેખાય. જ્યાં આટલો વરસાદ પડે ત્યાં ઉનાળામાં પાણી માટે આટલો રઝળપાટ કેમ? આ પ્રશ્ન આ સ્થિતિ જોઈને સહજ થાય.

સિત્તેરના દાયકામાં સરકારે આદિવાસી વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા દૂર કરવા હેન્ડપંપની યોજના અમલમાં મૂકી. તે સમય માટે આ યોજના ક્રાંતિકારી સાબિત થઈ. પહેલીવાર આદિવાસી ફળિયામાં પાણી મળવા લાગ્યું. મહિલાઓના કલાકો બચ્યા. બાળકો શાળાએ પહોંચી શક્યા. પાણીજન્ય રોગોમાં ઘટાડો થયો. લાખો લોકો માટે હેન્ડપંપ આશીર્વાદ બન્યો.

**આપણે વિકાસની વાતો ખૂબ કરીએ, પણ મારા ખ્યાલથી આપણે વિકાસને હવે પાણી બચાવવાની ક્ષમતા સાથે માપવો પડે તેવો સમય હવે આવી ગયો છે**

પાણી મળવા માંડ્યું એટલે સૌને નિરાંત થઈ. તરસ છીપાઈ ગઈ એટલે સમસ્યા પણ પૂરી થઈ ગઈ એવું લાગ્યું. પરંતુ આપણે ત્યાં કહેવત છે કે, 'દૂરનું ન વિચારે, તે અંતે પસ્તાય.' આપણે જમીનમાંથી પાણી લેવાનું તો શીખી ગયા, પરંતુ જમીનને પાણી પાછું આપવાનું ભૂલી ગયા. હેન્ડપંપ માટે 100થી 200 ફૂટ સુધીના બોર બનાવવામાં આવ્યા. વર્ષો સુધી તેમાંથી પાણી ખેંચાતું રહ્યું. પરંતુ વરસાદનું પાણી એ જ બોર દ્વારા પાછું જમીનમાં ઉતારવાની કોઈ રાજ્યવ્યાપી વ્યવસ્થા ઊભી થઈ નહીં. પરિણામે અનેક વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તર ધીમે ધીમે નીચે ઉતરતું ગયું અને ધીમે ધીમે હેન્ડપંપ પણ બંધ થતા ગયા. મારું ગામ શંખલપુર. હું જન્મી એ પહેલાથી મારા ઘરમાં હેન્ડપંપ છે. એ હેન્ડપંપને બન્યાને 45 વર્ષ કરતાં પણ વધુ સમય થયો, છતાં આજે પણ તે જીવંત છે. તે જીવંત હોવાનું કારણ અમારા ગામનું તળાવ છે. અમારા ગામનું તળાવ ઘણું મોટું અને ઊંડું છે. ગામ અને સીમનું વરસાદી પાણી એ તળાવમાં ભરાય છે. તળાવ ભરાવાના કારણે અમારા ગામનું ભૂગર્ભ જળસ્તર પણ ઊંચું રહે છે અને એટલે જ હેન્ડપંપ આજે પણ જીવંત છે.

આદિવાસી વિસ્તારમાં તળાવો મર્યાદિત છે. મોટાભાગની નદીઓ પણ બારમાસી નથી. ચેકડેમ છે, પરંતુ તે પણ શિયાળો ઉતરતાં ખાલી થઈ જાય છે. આપણે ત્યાં કહેવત છે કે, 'કૂવામાં હોય તો અવાડામાં આવે.' તળમાં પાણી હોય તો હેન્ડપંપમાં પાણી મળે, બાકી ગુજરાતના અનેક ગામોમાં હજારો હેન્ડપંપ ઊભા છે, પરંતુ તેમાં પાણી નથી. પંપ બગડ્યા નથી, બસ જળ ખૂટ્યાં છે. એક રીતે કહું તો પાણીને આપણે આપણા ઉપયોગની વસ્તુ માની, જો તેને સંપત્તિ માની હોત તો ભૂગર્ભ જળની દશા આટલી માઠી થઈ ન હોત.

ડાંગ જિલ્લાના લહાણ ઝાડદર ગામે પાણીને લઈને એક વખત ભારે વિપદા વેઠી હતી, પરંતુ આજે આ ગામે નમૂનારૂપ કામ કરીને પોતાના ગામમાંથી જળસંકટને તિલાંજલિ આપી દીધી છે. દર વર્ષે લગભગ 3,000 મિલીમીટર વરસાદ મેળવનાર આ ગામમાંથી એક સમયે ઉનાળો આવતાં ગામલોકો પાણીની શોધમાં પાંચ-છ કિલોમીટર દૂર જતા. નદીના પટમાં વિરડા ગાળીને તેમાં ભરાતું પાણી માટલામાં ભરીને પીતા. મહિલાઓ માટે પાણી લાવવું એ રોજની કસોટી હતી.

ગામે ફરિયાદો કરી. કોઈ મદદ કરશે તેની રાહ જોઈ, પરંતુ પાણી ન મળ્યું. 2002માં ગામલોકોએ પાણી સમિતિ બનાવી. સરકારના WASMO વિભાગ સાથે બેઠકો કરી અને પૂર્ણા નદી પર બે ચેકડેમ બનાવવાનો નિર્ણય કર્યો. ત્યારબાદ 2010માં તે ચેકડેમની નજીક કૂવો ખોદવામાં આવ્યો. ચેકડેમના કારણે વરસાદનું પાણી ધીમે ધીમે જમીનમાં ઊતરવા લાગ્યું. નદીનું પુનર્ભરણ થયું અને તેના કારણે કૂવામાં આખું વર્ષ પાણી રહેવા લાગ્યું. ત્યારબાદ જલ જીવન મિશન હેઠળ 2019માં દરેક ઘરમાં નળનું જોડાણ આપવામાં આવ્યું. કૂવામાંથી ગામના ઊંચાણવાળા ભાગમાં ટાંકી બનાવી અને ત્યાંથી 105 પરિવારોના ઘરમાં પાણી પહોંચાડવાનું શરૂ થયું. રિચાર્જની વ્યવસ્થા થઈ એટલે આ શક્ય બન્યું.

તાજેતરમાં ગુજરાત સરકારે છોટાઉદેપુર અને તાપી જિલ્લામાં લગભગ 161 કરોડ રૂપિયાના ખર્ચે રાજ્યના પ્રથમ એર-ફિલ્ડ (ઇન્ફ્લેટેબલ) રબર ડેમ બનાવવાની જાહેરાત કરી. આ નિર્ણય આવકારદાયક છે. પરંતુ નવું કરવાની સાથે સાથે જે જૂનું છે તેને પણ ઠીક કરવું જોઈએ. જે રીતે બોરવેલ રિચાર્જ માટે સરકાર બજેટ ફાળવે છે, એ રીતે બંધ પડેલા હેન્ડપંપના રિચાર્જ માટે પણ વિચાર થવો અગત્યનો છે. દરેક બંધ પડેલા હેન્ડપંપ પાસે વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટે ફિલ્ટર ચેમ્બર બનાવવામાં આવે. આ ચેમ્બર દ્વારા વરસાદનું શુદ્ધ પાણી એ જ હેન્ડપંપની પાઈપો મારફતે ભૂગર્ભ જળમાં ઉતારવામાં આવે. આ માટે કોઈ નવી જમીન લેવાની જરૂર નથી અને પાણી માટે નવો બોર પણ કરવો નહીં પડે. સરકાર પાસે પહેલેથી જ જે સંપત્તિ છે તેનો ઉપયોગ કરવામાં આવે તો ગુજરાતમાં બંધ પડેલા જેટલા પણ હેન્ડપંપ છે, તેમાંથી માત્ર દસ ટકા હેન્ડપંપને પણ રિચાર્જ વેલમાં ફેરવી શકાય તો દર વર્ષે કરોડો લીટર વરસાદી પાણી જમીનમાં ઉતારી શકાય.

પાણી ફક્ત તરસ્યાની તરસ છીપાવવાનું કામ નથી કરતું, પરંતુ તેનાથી આપણું આખું અર્થતંત્ર સુધરે છે. નવો બોર કરવો મોંઘો છે, જ્યારે જૂના બોરને જીવંત કરવો પ્રમાણમાં સસ્તો છે. જૂની યોજનાને ભવિષ્ય સાથે જોડવી વધુ દૂરંદેશીનું કાર્ય છે. આપણે વિકાસની વાતો ખૂબ કરીએ છીએ, પરંતુ મારા ખ્યાલથી હવે વિકાસને પાણી બચાવવાની ક્ષમતા સાથે માપવાનો સમય આવી ગયો છે.

ઘણા વર્ષોના અનુભવે એટલું તો ચોક્કસ કહીશ કે, આદિવાસી વિસ્તારમાં વરસાદની અછત નથી, પરંતુ વ્યવસ્થાની અછત છે. સરકાર પોતાની રીતે પ્રયાસ કરી રહી છે. ચેકડેમ બની રહ્યા છે. રબર ડેમ આવી રહ્યા છે. આ બધા પ્રયાસોની સાથે 'હેન્ડપંપ રિચાર્જ અભિયાન' શરૂ થાય તો સોનામાં સુગંધ ભળે તેમ થશે. આમ તો જે દિવસે આ અભિયાન શરૂ થશે, તે દિવસે સિત્તેરના દાયકામાં ઊભા કરાયેલા હેન્ડપંપોનો બીજો જન્મ થશે એવું ચોક્કસ કહીશ.